ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# ભારતમાં કોવિડ-19 ના કારણે અર્થતંત્રના કેટલાંક ક્ષેત્રો પર પડેલી અસરો

રતાભાઈ રવજીભાઈ રોજસરા,

એમ.એ., જી-સેટ.

## પ્રસ્તાવના

સમગ્ર વિશ્વ વર્તમાન સમયમાં સંકટના ઘણા મોટા ગંભીર સમયગાળામાંથી પસાર થઇ રહ્યું છે. સામન્ય રીતે જ્યારે કોઈ કુદરતી સંકટ આવે છે. તો તે કેટલાંક દેશો અથવા રાજ્યો સુધી સીમિત રહે છે. પરંતુ આ વખતે આ સંકટ એવું છે, જેણે સમગ્ર વિશ્વમાં સંપૂર્ણ માનવજાતિને સંકટમાં નાખી દીધું છે. જ્યારે પ્રથમ વિશ્વ યુદ્ધ, દ્વિતીય વિશ્વ યુદ્ધ થયું હતું, ત્યારે પણ આટલા દેશો યુદ્ધ વડે પ્રભાવિત નહોતા થયા. જેટલા આજે કોરોનાથી થયા છે. ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ ના રોજ મધ્યચીનના વુહાનમાં આ વાયરસ પ્રથમ વાર ધ્યાનમાં આવ્યો ત્યારે તેને કોરોના વાયરસ તરીકે ઓળખવામાં આવ્યો હતો. વુહાન આ વાયરસનું એપી સેન્ટર હોવાથી શરુઆતમાં વુહાન વાયરસ તરીકે પણ સંબોધવામાં આવતો હતો. છેલ્લા કેટલાક સમયથી ચીન, દક્ષિણ કોરિયા અને ઇટલી સહિત વિશ્વના ૮૦ દેશોમાં હાહાકાર મચાવનારા આ વાયરસને કોવિડ-૧૯ નામ આપવામાં આવ્યું છે.

## મુખ્ય શબ્દો

કોવિડ-19, જીડીપી, પર્યટન અને રોજગારી

## કોરોનાનો અર્થ

વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોનાનું નામ કોવિડ-૧૯ આપ્યું છે, જેમાં કો નો અર્થ કોરોના, વી નો વાયરસ અને ડીનો અર્થ ડિસિઝ આપવામાં આવ્યું છે. કોઇ પણ રોગના વાહક કોણ છે તે જાણવા મળે તો તેને ચોકકસ નિયંત્રણમાં લઇ શકાય છે. કોરોના વાયરસ કેવી રીતે ફેલાયો એ અંગે અનેક થિએરી રજુ થઇ છે. આ વાયરસની ઉત્પતિ માટે ચામાચીડિયાથી માંડીને સાપ અને પેંગોલિન જેવા જીવોને જવાબદાર માનવામાં આવે છે પરંતુ ખરેખર હજુ તે રહસ્ય જ રહયું છે. કોરાના વાયરસની દહેશત સમગ્ર દુનિયામાં ફેલાઇ રહી છે.

## અભ્યાસના હેતુ

- ભારતમાં કોવિડ-19ના કારણે અર્થતંત્રમાં કેટલાંક ક્ષેત્રો પર પડેલી અસરોની માહિતી તપાસવી.

## કોવિડ-19 ની અર્થતંત્રના કેટલાંક ક્ષેત્રો પરની અસર

- **GDP પર અસર**

કોવિડ-19 કારણે એપ્રિલથી જૂનના પ્રથમ ક્વાર્ટરમાં કુલ ઘરેલુ ઉત્પાદન (GDP)માં ઐતિહાસીક 23.9 ટકાનો ઘટાડો નોંધાયો હતો. બીજા ત્રિમાસિક ગાળામાં એટલે કે જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે સ્થિર થયો પણ હજુ પણ તેની આગળ માઈનસનું નિશાન લાગેલું છે. બીજા ત્રિમાસિક ગાળામાં આપણા જીડીપીમાં 7.5 ટકાનો ઘટાડો આવ્યો છે. આ પરથી કહી શકાય કે કોવિડ-19 ના કારણે દેશના જીડીપી પર માંઠી અસર જોવા મળી છે.

- **પ્રવાસન ક્ષેત્રે અસર**

કોવિડ-19 ના કારણે ભારતમાં પર્યટન ઉદ્યોગને અસર થઇ છે. ભારતના જીડીપીમાં પર્યટન ઉદ્યોગનો ફાળો લગભગ 6.8 ટકા છે. ભારતમાં પર્યટન ઉદ્યોગ સાથે જોડાયેલા લગભગ 8.7 કરોડ લોકો છે. જે 2018-'19ની માહિતી પ્રમાણે કુલ રોજગરીના લગભગ 12.75 ટકા છે. જેમાં હોટેલ કામદારો, ટ્રાવેલ એજન્ટો, ડ્રાઈવરો, માર્ગદર્શિકાઓ, નાના વેપારીઓ અને ઘણા લોકો સામેલ છે. તે કૃષિ, પરિવહન, હેન્ડલૂમ, એફએમસીજી સહિતના અન્ય ઘણા ક્ષેત્રો સાથે જોડાયેલ છે. જેના કારણે આ વિસ્તારોને હાલાકી વેઠવી પડી છે.

- **રોજગારી ક્ષેત્રે અસર**

લોકડાઉન દરમિયાન દેશમાં બેરોજગારીનો દર સતત ઘણો ઊંચો જઈ રહ્યો છે. કોરોનાના કારણે ભારતીય જોબ માર્કેટમાં ખરાબ અસર થય છે. ભારતમાં સંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં લોકોની સંખ્યા ખૂબ ઓછી છે. અસંગઠીત ક્ષેત્રમાં કામ કરતાં લોકોની સંખ્યા કરોડોમાં છે અને તેમનો અર્થતંત્રમાં પણ મોટો ફાળો છે. MSME ક્ષેત્રે સંગઠિત અને અસંગઠીત બને મજૂર બળ ધરાવે છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઇંડિયન ઈકોનોમી (સીએમઇઇ) ના અહેવાલમાં કહેવાયું છે કે 17 મી એ પૂરા થયેલા સપ્તાહમાં બેરોજગારીનો દર 24 ટકા રહ્યું છે. કોરોના સંકટ અને લોકડાઉનના કારણે ભારતમાં લોકોએ વ્યાપક સંખ્યામાં રોજગારી ગુમાવવી પડી છે. આ અગાઉ સેન્ટર ફોર મોનિટરિંગ ઇંડિયન ઈકોનોમી (સીએમઇઇ) ના અહેવાલ મુજબ 3 મે એ પૂરા થયેલા સપ્તાહમાં બેરોજગારીનો દર વધીને વિક્રમી 27.11 ટકાએ હતો. એટલે કે દર ચારમાંથી એક વ્યક્તિ બેરોજગાર થઈ ગયો છે, જે દેશમાં અત્યાર સુધીનો સૌથી વધુ બેરોજગારી દર છે.

- **ઓનલાઇન વેચાણ ક્ષેત્રે**

કોરોના સંક્રમણના કારણે ઓનલાઇન વેપારમાં આકર્ષણ વધ્યું છે. ભારતની ઇ-કોમર્સ કંપનીઓએ તહેવારમાં સમયમાં આ વર્ષે 15 ઓક્ટોબર થી 15 નવેમ્બર સુધીમાં 8.3 અબજ ડોલર (આશરે 5800 કરોડ )

ની કિમતના બ્રાન્ડ અને પ્રોડક્ટનું કુલ વેચાણ નોંધાવ્યું છે. કોરોના મહામારી છતાં ગતવર્ષની તુલનાએ ઇ-કોમર્સ સેગમેન્ટ પર વેચાણ સરેરાશ 65 ટકા વધ્યું છે. અગાઉના વર્ષ તહેવારમાં કુલ 5 અબજ ડોલરનું એટલેકે 35000 કરોડનો વેપાર રહ્યો હતો તેમ રેસર્ચ ફર્મ રેડસીરના અહેવાલમાં દર્શાવ્યું છે. એટલુંજ નહિ પ્રિ-ફેસ્ટીવલમાં 7 અબજ ડોલરના વેચાણનો અંદાજ મૂકવામાં આવ્યો હતો, તેનાથી પણ વેચાણ વધુ નોંધાયું છે. સપ્ટેમ્બર માસમાં પણ સરેરાશ 3.2 અબજ ડોલર એટલેકે 22000 કરોડનું વેચાણ રહ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાંથી લોકો ઓનલાઇન ખરીદીમાં 90 ટકા જેટલો તોતિંગ વધારો જોવા મળ્યો છે.

- **સમાપન**

આમ, ઉપરોક્ત **ભારતમાં** કોવિડ-19 ને **કારણે અર્થતંત્રના કેટલાંક ક્ષેત્રો પર પડેલી અસરો તપાસવામાં આવી છે. જીડીપીમાં સૌથી વધારે ઘટાડો નોંધાયો છે. પ્રવાસન પર ખૂબ માંઠી અસર થઇ છે. ખાસ કરીને ઇ-કોમર્સને ખૂબ ગતિ મળી છે ઓનલાઇન વેચાણમાં ખૂબ જ વધારો જોવા મળ્યો છે અને ગ્રામીણ વિસ્તારમાં અને નાના શહેરોમાં ઓનલાઇન વેચાણનું પ્રમાણ વધ્યું જોવા છે. ઓનલાઇન વેચાણ દ્વારા રોજગારીનું સર્જન થયું છે પરંતુ બીજા દરેક ક્ષેત્રોમાં રોજગારીમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે.**

VIDHYAYANA

સંદર્ભ

- https://mospi.gov.in
- https://indianexpress.com
- https://economictimes.indiatimes.com
- https://www.vyaapaarsamachar.com
- https://www.divyabhaskar.com